# આચમન

અંક: 3

*શિક્ષણ એજ ધ્યેય...*

ડીસેમ્બર - ૨૦૧૩

## શ્રી કોટડા (ચકાર) સી.આર.સી.


કોટડા, તા: ભુજ, જિલ્લો-કચ્છ [ગુજરાત]
પિન: ૩૭૦૧૦૫.




તંત્રી શ્રી: **મયુરભાઇ જી. ભાનુશાલી**
સી.આર.સી. કો-ઓર્ડીનેટર,
કોટડા (ચકાર).



### સંપાદક મંડળ

- ચિરાગ પટેલ, કોટડા આ. પ્રા. શાળા.
- નિતિન પટેલ, જાંબુડી પ્રા. શાળા.
- હરેશ લિંબાણી, કોટડા ઉ. પ્રા. શાળા.
- વિજય પટેલ, સણોસરા પ્રા. શાળા
- હરીલાલ ભાનુશાલી, કૈલાશનગર પ્રા.શાળા
- હાર્દિક રાવલ, ચકાર પ્રા .શાળા

**Our Web Contacts**


**Web site :- crckotda.weebly.com**
**Mail Add :- crckotda2013@gmail.com**
**Facebook :-facebook.com**Crc kotda chakar



## તંત્રી ની કલમે....

દિ વાળે ઈ દિવાળી ......... પ્રકાશ ના પર્વ ને સૌ એ વેકેશન ની મોજ સાથે મનભરી ને માણ્યો .જીલ્લા બહાર ના સારસ્વત મિત્રો પોતાના વતન ની માટી ની સુંગધ સાથે નવા ઉત્સાહ સાથે બીજા શૈક્ષણિક સત્ર માં જોડાયા. બાળકો ને કઈ આપશું તો જીવન ભર તૃપ્તિ ના ઓડકાર આવશે. આ અંકમાં સિક્ષકો ના નુતન પ્રયોગો ને લગતા લેખો નો સમાવેશ કર્યો છે,જે તમને ગમશે એવી આશા સાથે.......

નોળવેલ

પ્રથમ થી ખબર હોત તો હું જીવી નહિ શકતે ,
કે આખી જીદંગી વીતી જવાની છે ભરોસા પર .

જેની સાથે મોજ માંણી હોય તેને કદાચ તમે ભૂલી જાઓ ,પણ જેની સાથે તમે આંસુ સાર્યા હોય તેને હરગીજ ન ભૂલતા........

એક છોકરાને આજે રજા હતી. છોકરાએ પિતાને કહ્યું કે ,હું શું કરું ? પિતાએ એવું વિચાર્યું કે આને એવું કામ આપું કે જેથી બે ચાર કલાક પસાર થઇ જય. તેમને વિશ્વનો નકશો કાઢ્યો .એના પંદર –વીસ ટૂકડા કરી નાખ્યા ને છોકરાને કહ્યું કે ,જા, આ નકશાને ફરી થી જોડી લાવ .છોકરો તો ગયો અને દસ જ મીનીટમાં પાછો આવ્યો .પિતા ને આશ્ચર્ય થયું કે આટલા ઓછા સમયમાં આ કેવી રીતે શક્ય બન્યું ? છોકરાને પૂછ્યું ત્યારે તેને જવાબ આપ્યો કે કશું અઘરું નહોતું. નકશાની પાછળ માણસનું ચિત્ર હતું .મેં માણસને ગોઠવી દીઠો એટલે વિશ્વ પણ ગોઠવાઈ ગયું.

મન જ બધી સફળતા અને નિષ્ફળતાનું પરિબળ છે . –ટોલ્સટોય



# પુસ્તકોની મિત્રતા

**શબ્દો ની ઉપાસના કરનાર માટે,**

**પુસ્તકાલય અને દેવાલય સરખા જ હોય છે.**

વાંચવાની ટેવના કારણે વર્ષોમાં જીવન ઉમેરાયું છે. સમજણ આવી ત્યારથી પુસ્તકો પ્રત્યે મને લગાવ રહ્યો છે. પુસ્તકો સાથે હોઉં ત્યારે એકલા રહેવાનું મને ગમે છે. પુસ્તકો એ મને મારી ઓળખાણ કરાવી છે. પુસ્તક આપણને હૂંફ આપી શકે, બહેતર સમજ આપી શકે. સાચી દિશા અને સકારાત્મક દ્રષ્ટિ આપી શકે છે. પુસ્તકના પાના જિંદગી પલટાવી શકે છે. પુસ્તકોનું કામ માળી જેવું છે. જે આપણા મનના બગીચામાં ઘાસની જેમ અસ્ત-વ્યસ્ત ઉગી નીકળેલા વિચારોને યોગ્ય માવજત દ્વારા ફૂલની જેમ ખીલવી શકે છે. પુસ્તક વાંચ્યા પછી જો ગંગા-નાહ્યાનો અનુભવ થાય તો સમજવું કે આપણે આપણા એકાંત સાથે કરાર કર્યા વગરની મૈત્રી કરી છે. કવિશ્રી અંકિત ત્રિવેદીના શબ્દોમાં કહું તો, “યજ્ઞોપવિત સંસ્કારની જેમ જ દરેક માણસે ‘પુસ્તક સંસ્કાર દીક્ષા’ લેવી જોઈએ. પછી એ માણસ ધર્મનો મટીને જીવનમર્મનો બની જશે”.

અહીં મારે જીવવાનું ચૂકી જઈને ‘પુસ્તકિયા કીડા’ બનવાની વાત નથી કરવી. પુસ્તકોના વાંચનને જિંદગીના વિકલ્પરૂપે સ્વીકારવાની વાત નથી કરવી. પુસ્તકો જિંદગીનો વિકલ્પ બની જ ના શકે. પુસ્તકો તો જિંદગીનો ભોમિયો બની શકે,ગુરૂ બની શકે,મિત્ર બની શકે. ભરપુર પ્રસંગોથી જેમ સાચું જીવન નથી, તેમ અસંખ્ય પુસ્તકોથી પણ સાચું વાંચન બનતું નથી. આમા પણ પસંદગી કરવી પડે છે. મહાત્મા એમરસન અને થોરો બંને માનતા હતા કે કોઈ પણ યુનિવર્સિટીનું કે કોલેજનું ખરું અને એકમાત્ર કામ વાંચતા શીખવવાનું છે. આપણે સ્થૂળ અર્થમાં ઘણા બધાને વાંચતા-લખતા કર્યા છે.જયારે સુક્ષ્મ અર્થમાં વાંચતા આવડી જાય ત્યારે ઘણા બધાને માર્ગ અને મંજિલ બંને મળી રહે છે.

તમારે તમારી સરહદોને ઓળંગવી છે? આંખોના આંસુને કોઈને ખબર ન પડે એમ સાંત્વના આપવી છે? સામે ઉભેલા ઝંઝાવાતોને શાંતિથી પાર કરવા છે?તો તો તમારે પુસ્તકો વાંચવા જ પડશે. જીવનના રસ્તાના ઘણા બધા નકશાઓ પુસ્તકોમાં વળ ખાઈને બેઠા થયા છે. જિંદગીમાં સ્વપ્નો મીઠાં લાગે છે,પરંતુ વાસ્તવિકતાને સ્વપ્નોથી પણ મીઠી બનાવવી તે કામ પુસ્તકો નું છે.

કોકીલાબેન પવાણી
શ્રી ધાણેટી શાળા નં -૨

## ઇજન

જો આપ પણ બાળકો અને શિક્ષણ માં રસ ધરાવતા હોવતો આપના મૌલિક વિચારો અમને લેખ સ્વરૂપે નીચેના સરનામે પત્ર અથવા મેઈલ થી મોકલી શકો છો .

“આચમન” સી.આર.સી.ભવન ,કોટડા ચકાર ,તા.ભુજ-કચ્છ.

MAIL:crckotda2013@gmail.com

તમે હજાર કામ કરો એનાથી સફળતા નથી મળતી ,પણ એક કામ હજાર વાર કરવાથી સફળતા મળે છે .

## માનવતા ની મહેક



આજના વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગે વિશ્વને ખૂબ નાનું બનાવી દીધુ છે. ગણતરીની સેકંડોમાં માનવી પોતાના પ્રિયજનો ને ફેસબુક કે વોટ્સ અપ દ્વારા મળી શકે છે.પણ પ્રશ્ન એ થાય છે કે આ બધી સગવડો દ્વારા શું એ સંબંધો વિકસાવી શકે છે!!જવાબ કદાચ હા હોય તો પણ એ માત્ર સ્વાર્થના જ સંબંધો હોય છે.માનવી હવામાં ઉડતા ને પાણીમાં તરતા શીખ્યો પણ પૃથ્વી પર 'જીવતા' શીખવાનું હજી બાકી છે.

માનવીનો જન્મ એ ઈશ્વરના હાથની વાત છે. પણ જીવન કેવું જીવવું એ નક્કી કરવું એ પોતાના હાથની  વાત છે. જન્મે માનવ હોવા છતાં કર્મે માનવ ન હોય એવો માનવદેહ ધરતી પર બોજારૂપ છે. આપના કોઈ પણ પ્રકારના વ્યવસાયનો સંબંધ જીવંત માનવો સાથે છે. છતાં વ્યાપારી વર્ગ ખાધચીજો માં જીવલેણ ભેળસેળ કરતા અચકાતો નથી. નોકરીયાતવર્ગ કામચોર,સ્વાર્થી અને લાંચીયો બની ગયો છે. આવા અનેક અમાનવીય દુશ્નોની જવાળાઓમાં દેશ લપેટાઈ રહ્યો છે.ત્યારે એમ કહેવાનું મન થાય કે હે માનવી !!!તું પ્રથમ માનવ થા!!!માનવ થવા મહેનત કરવી પડે ,ચિંતન કરવું પડે ,સહન કરવું પડે અને સ્વાર્થત્યાગ પણ કરવો પડે.

વાત કરવી છે માનવતાની મહેક પ્રસરાવનાર ગૌરવશાળી મૂળ ભારતીય નારી  અને અમેરિકાની અંતરીક્ષ એજન્સી નાસાની કલ્પના ચાવલાની. અમેરિકાના હ્યુસ્ટન માં આવેલા ઘેર તેમના પિતા ભારતથી પુત્રી પાસે આવ્યા હતા. પુત્રીને ઓફિસેથી આવતા મોડું થયું તેથી ચિંતિત પિતા એ સહજ પ્રશ્ન કર્યો. તેને જવાબ આપ્યો "જોડા સંધાવવા ગઈ હતી".અમેરિકામાં મોચી મળવો મુશ્કેલ એના કરતા નવા જોડા લેવા વધુ ઉચિત.આ વાત પિતા જાણતાં હતા .તેથી પુત્રી ને પૂછ્યું , કેટલા રૂપિયા આપ્યા મોચીને ? પુત્રીએ કહ્યું. "૧૨ ડોલર ,જયારે નવા જુતા ૧૦ ડોલરમાં આવે પણ મોચીને કમાણીની તક મળે અને નવી જોડી માટે એક પ્રાણીનો બળી ક્ષ્હદે તેથી આમ કર્યું . પિતાએ કહ્યું . તું મદદ કરવા માગતી હતી ,તો દાનમાં આપી દેવા હતા ,પણ પુત્રીએ શાંતિથી કહ્યું . "હું અને મારો પતિ જેટલું કમાઈએ છીએ તેનાથી અમારું ગુજરાન આરામથી થઇ જાય છે". આ સાંભળી પિતા પાસે કોઈ જવાબ નહોતો ,કારણકે તેનું સાદગી અને કરકસરયુક્ત  જીવન તેઓ જોઈ જ રહ્યા હતા. પુત્રી નો પગાર એટલો મોટો હતો કે તેને આટલી કરકસરની જરૂર ન હતી.

તે પોતાના ગામની સ્કૂલમાંથી બે બાળકોને દર વર્ષે પોતાના ખર્ચે અમેરિકા લાવી તેમના જીવન ઘડતર નો તમામ ખર્ચ તે ઉઠાવતી. તેના આ પરોપકારી કાર્યની  જાણ તેના મૃત્યુ પછી આખી દુનિયા ને થઇ.માનવતા ની મહેક એ કોઈ પણ દુર્ગુણોની સરખામણીમાં ઝડપથી ફેલાય છે.વ્યક્તિ ની દુનિયામાંથી વિદાય લીધા બાદ પણ તેના માનવતા,ઈમાનદારી કે પ્રામાણિકતા ભર્યા  કર્યો સમાજના માનસ પર છવાયેલા રહે છે. અને એમના રાહે ચાલવાનું બળ આપે છે.

મેઘાબેન વી. ચાવડા
કોટડા ઉગમણા પ્રા.ગ્રુપ શાળા

## કોયડો



સાત અક્ષરનું ભુજ તાલુકાનું  એક ગામ .જેના અંતિમ ત્રણ અક્ષર મળીને બનતા શબ્દનો અર્થ શહેર થાય છે .પ્રથમ ચાર અક્ષર મળીને બનતા શબ્દનો અર્થ હીરામાણેક થાય છે . બીજો અને ત્રીજો અક્ષર મળીને બનતા શબ્દનો અર્થ કેવું સારું !!,શાબાશ  !!એવો પ્રશંસાનો ઉદગાર થાય છે .ત્રીજો અને ચોથો અક્ષર મળી ને બનતા શબ્દનો અર્થ અર્થ દરેક ,પ્રત્યેક થાય છે .પાંચમો અને છઠ્ઠો અક્ષર મળીને બનતા શબ્દનો અર્થ પર્વત થાય છે.પાંચમો અને સાતમો અક્ષર મળીને બનતા શબ્દનો અર્થ પુરુષવાચક પ્રાણી  થાય છે .બીજો અને સાતમો અક્ષર મળીને બનતા શબ્દનો અર્થ સપ્તાહનો દરેક દિવસ થાય છે. બીજો,પાંચમો અને સાતમો અક્ષર મળીને બનતા શબ્દનો અર્થ વાનર થાય છે .બીજો અને પાંચમો અક્ષર મળીને બનતા શબ્દનો અર્થ રંગ થાય છે .છેલ્લા બે અક્ષર મળીને બનતા શબ્દનો અર્થ મર્મ થાય છે .પહેલો અને છઠ્ઠો અક્ષર મળીને બનતા શબ્દનો અર્થ દુનિયા થાય છે .

તો બાલદોસ્તો ,દોડાવો દિમાગ અને આપો જવાબ .............

મદનકુમાર ઠક્કર ,મુ.શિ. વડવારા પ્રા.શાળા

## પ્રજ્ઞા ગીત



જય હો પ્રજ્ઞા અભિગમની ,જય હો પ્રજ્ઞા અભિગમની .
સમગ્ર શિક્ષણનું ઉજળું ઉગે પ્રભાત , કરવા દો  રચના શિક્ષણ ની
નાની મોટી સમસ્યા આજની ,  યુક્તિ કરો ધંધા રોજગારની
રહીએ શિસ્તમાં આજ જય હો ....પ્રજ્ઞા અભિગમની .
શિક્ષણને સાક્ષાત કરો સૌ ,બાળક યુવાનને તૈયાર કરો સૌ
શૈક્ષણિક રથને પ્રજ્ઞાના પૈડા ......જય હો પ્રજ્ઞા અભિગમની .
પ્રજ્ઞા અભિગમના સંગીન કાર્ડ ,જાણે રંગબેરંગી ફૂલ મજાના ,
ગુલશનની સુગંધના ખજાના ,દુશ્નોનો કરો વિનાશ.....જય હો પ્રજ્ઞા અભિગમની .
પ્રજ્ઞાનો એક નેક ઈરાદો ,નિત નવા વિચાર વિકાસ ,
બાળક ખીલે તેમ ખીલવા દો ,ફેલાશે આપની સુવાસ....જય હો પ્રજ્ઞા અભિગમની

રસીલાબેન દરજી
મ.શિ. કોટડા આથમણા પ્રા.શાળા

રામાયણમાંથી આપણે શું શીખ્યા?......
રામ સીતા પાછળ અને સીતા હરણ પાછળ દોડે એનું નામ સંસાર .........

# પ્રવૃત્તિ કોર્નર

બ્લોક કક્ષાની તાલીમ
કોટડા ઝોન



કોટડા ઉગમણા પ્રા.ગ્રુપ શાળા માં યોજાયેલ બ્લોક કક્ષાની તાલીમ માં ઉપસ્થિત ધ્યાનમગ્ન શિક્ષક મિત્રો





સણોસરા પ્રા. શાળા

ઉજાસ ની ઝંખના હસે તો જ દિવસ મળશે –જ્ઞાનેશ્વર

# સમગ્ર ભારત શિક્ષકનું ઋણી



૨,૫૦૦ વર્ષ પહેલાની વાત છે. તે સમયે મગધ સામ્રાજ્ય ભારતનું ખૂબ મજબૂત સામ્રાજ્ય હતું. પરંતુ તેનો રાજા ધનાનંદ ખૂબ જ વિલાસી અને પ્રજા તરફ નિષ્ઠુર હતો .રાજા ના આવા પ્રજા વિરોધી વર્તન સામે "ચણક "નામના બ્રાહ્મણે વિરોધ ઉઠાવ્યો , ત્યારે ધનાનંદે ચણકના કુટુંબનું ધનોતપનોત કાઢી નાખ્યું .

બાકી રહ્યો માત્ર વિષ્ણુ નામનો નાનો બાળક. જે તક્ષશિલા જી ને ખૂબ મોટો પંડિત બન્યો. જેનું નામ પડ્યું  વિષ્ણુગુપ્ત ચાણક્ય (કૌટિલ્ય ).તે હતો તો એક શિક્ષક ,પરંતુ તેને પ્રજાને સુખી કરવી કરવી હતી .ભારત ને એક રાષ્ટ્ર કરવું હતું.

હવે તેને ચંદ્રગુપ્ત મોર્ય નામનો સમર્થ શિષ્ય મળી ગયો.શિક્ષક ચાણકયે તેને રાજનીતિ શીખવી બધી જ રીતે ઘડ્યો,અને નંદવંશનું નિકંદન કાઢી નાખ્યું .એટલું જ નહિ ભારત પર વિજય મેળવવા આવેલ સિકંદર ને પાછા ભગાડવામાં સૌથી મોટો ફાળો પણ ચાણક્ય નો જ કહેવાય .મૌર્યવંશ નું શાસન ભારતનો સુવર્ણકાળ ગણાય છે.સમગ્ર ભારત આજે પણ એ શિક્ષક ચન્ક્યનું ઋણી છે .શિક્ષક શું ન કરી શકે ???

## એક પતંગિયું



રમતું, ,ઝુમતું મોજ કરતું ,  
એક પતંગિયું ખોવાઈ ગયું .  
રબરના લીસોટામાં ખેંચાઈ ગયું ,  
સંચામાં એ છીણાઈ ગયું .  
ભાગાકાર ,ગુણાકાર ,સરવાળો ને બાદબાકી ,  
આંકડાઓની માયાજાળમાં એ ક્યાંય ગૂંથાઈ ગયું !!  
ટીપ્પણ ,પ્રશ્નોતર ,રૂઢિપ્રયોગો અને કહેવતો ,  
શબ્દોના બાણોથી ક્યાંય એ વીંધાઈ ગયું .  
ઈતિહાસની સાલો અને લડાઈના મેદાનો માં ,  
ગામનું પાદર  એને વિસરાઈ ગયું .  
માટીની મહેક ક્યાં છે હવે યાદ ,  
પ્રયોગોના  કેમિકલ્સ ની ગંધમાં એ ગંધાઈ ગયું .  
આ ભણતરનો ભાર કે ભાર વગર નું ભણતર ,  
પણ ભણતરના ભાર માં બાળપણનું સુખ છીનવાઈ ગયું .



રાવલ હાર્દિકકુમાર આર.  
ચકાર પ્રા.શાળા

તમે જો આનંદપૂર્વક વિચારશો ને આનંદપૂર્વક કામ કરશો તો ક્ખારેખર જ આનંદની લાગણી અનુભવી શકશો –ડેલ કાર્નેગી



આપણને
મળેલા પ્રકાશ
માટે ઈશ્વર નો
આભાર માનવાનો
સૌથી સુંદર
માર્ગ એ જ છે –
અંધકારમાં રહેલા
કોઈ પણ .....
તરફ સહાય નો
હાથ
લંબાવવાનો ..


હેલન કેલર

# પ્રથમ ભારતીય મહિલાઓ

પ્રથમ મહિલા શાસક - રઝીયા સુલતાના (૧૨૩૬)
પ્રથમ મહિલા યુદ્ધમાં લડનાર - રાની લક્ષ્મીબાઈ (૧૮૫૭)
પ્રથમ મહિલા સ્નાતક - વિદ્યાગૌરી(ગુજરાત) (૧૯૦૪)
પ્રથમ મહિલા રાજ્ય પ્રધાન - વિજયા લક્ષ્મી પંડિત (૧૯૩૭)
પ્રથમ મહિલા લશ્કરી અધિકારી - નીલા કૌશિક પંડિત
પ્રથમ મહિલા સ્ટંટક્વીન - નાદિયા (૧૯૪૫)
પ્રથમ મહિલા રાજ્યપાલ - સરોજીની નાયડુ (૧૯૪૭)
પ્રથમ મહિલા કેન્દ્રીય પ્રધાન - રાજકુમારી અમૃત કૌર (૧૯૫૨)
પ્રથમ મહિલા સંયુક્ત.રાષ્ટ્રીય.સંઘ સામાન્ય. સભાના પ્રમુખ - વિજયા લક્ષ્મી પંડિત(૧૯૫૩)
પ્રથમ મહિલા ઈંગ્લીશ ખાડી તરનાર - આરતી સહા (૧૯૫૯)
પ્રથમ મહિલા વિશ્વ સુંદરી - રીતા ફરીયા (૧૯૬૨)
પ્રથમ મહિલા મુખ્ય પ્રધાન - સુચિતા કૃપલાની (૧૯૬૩)
પ્રથમ મહિલાવડાપ્રધાન - ઇન્દીરા ગાંધી (૧૯૬૬)
પ્રથમ મહિલા દાદા સાહેબ ફાળકે અવાર્ડ - દેવિકારાની શેરકી (૧૯૬૯)
પ્રથમ મહિલા નોબેલ પારિતોષિક - મધર ટેરેસા (૧૯૭૯)
પ્રથમ મહિલા એવરેસ્ટ વિજેતા - બચેન્દ્રી પાલ (૧૯૮૪)
પ્રથમ મહિલા સાહિત્ય અકાદમી - કુંદનિકા કાપડિયા (૧૯૮૫)
પ્રથમ મહિલા ન્યાયમૂર્તિ સુપ્રીમ કોર્ટ મીર - સાહેબ ફાતિમાબીબી (૧૯૮૯)
પ્રથમ મહિલા આઈ.પી.એસ. - કિરણ બેદી (૧૯૭૨)
પ્રથમ મહિલા વિશ્વ ગુર્જરી એવોર્ડ - આશા પારેખ (૧૯૯૦)
પ્રથમ મહિલા બેરિસ્ટર - કર્નેલીયા સોરાબજી (૧૯૯૦)
પ્રથમ મહિલા પ્રેસ ફોટોગ્રાફર - હોમાઈ વ્યારાવાલા
પ્રથમ મહિલા મુખ્ય ન્યાયાધીશ (હિમાચલ પ્રદેશ) - લીલા શેઠ (૧૯૯૧)
પ્રથમ મહિલા રેલ્વે ડ્રાઈવર - સુરેખા યાદવ (૧૯૯૨)
પ્રથમ મહિલા બસ ડ્રાઈવર - વસંથકુમારી (૧૯૯૨)
પ્રથમ મહિલા સ્ટોક એક્ષચન્જ પ્રમુખ - ઓમાના અબ્રાહમ (૧૯૯૨)
પ્રથમ મહિલા પાયલટ - દુર્બા બેનરજી (૧૯૯૩)
પ્રથમ મહિલારેલ્વે સ્ટેશન માસ્તર - રીન્કુસીન્હા રોય (૧૯૯૪)
પ્રથમ મહિલા ફ્રેંચ ઓપન બેડમિન્ટન વિજેતા - અપર્ણા પોપટ (૧૯૯૪)
પ્રથમ મહિલા મિસ યુનિવર્સ - સુસ્મિતા સેન (૧૯૯૪)
પ્રથમ મહિલા પ્રાણી મિત્ર એવોર્ડ - મેનકા ગાંધી (૧૯૯૬)
પ્રથમ મહિલા અવકાશ યાત્રી - કલ્પના ચાવલા (૧૯૯૭)
પ્રથમ મહિલા ઓલમ્પિકમાં ચંદ્રક વિજેતા - મલ્લેશ્વરી (૨૦૦૦)
પ્રથમ મહિલા મરણોતર અશોકચક્ર - કમલેશ કુમારી (૨૦૦૧)
પ્રથમ મહિલા શતરંજ ગ્રાન્ડ માસ્ટર વિજેતા - વિજય લક્ષ્મી
પ્રથમ મહિલા વાયુસેનામાં પાયલટ - હરિતા કૌર દેઓલ
પ્રથમ મહિલા મેયર(મુંબઈ) - સુલોચના મોદી
પ્રથમ મહિલા આઈ.એ.એસ. અન્ના - જ્યોર્જ
પ્રથમ મહિલા લોકસભાના સભ્ય રાધાજી - સુબ્રમણ્યમ
પ્રથમ મહિલા રાજ્યસભાના સભ્ય – નરગીસ દત્ત
પ્રથમ મહિલા રાજદૂત વિજયા લક્ષ્મી - પંડિત
પ્રથમ મહિલા ઈજનેર - લલિતા સુબ્બારાવ
પ્રથમ મહિલા ડોક્ટર - આનંદી ગોપાલા, પશ્ચિમ બંગાળાના હતા.

કનૈયાલાલ એન.સોલંકી
પાલડી પ્રા.શાળા ,ભીલડી (બ.કાંઠા)

ભાષાના વ્યાપારમાં માત્ર સોના ચાંદીના સિક્કા જ વાપરવા – જોબર્ટ






દુનિયાની સૌથી ઉંચી મૂર્તિ (નિર્માણધીન)..........
સ્ટેચ્યુ ઓફ યુનીટી



આપણા ગામના કારીગરો પ્રોજેકટ અંતર્ગત મુલાકાત લેતા કોટડા આથમણા પ્રા. શાળાના વિદ્યાર્થીઓ

પૂર્વગ્રહ છોડો, આગ્રહ છોડો, હઠાગ્રહ છોડો, માત્ર પ્રેમાગ્રહ રાખો –જે.કૃષ્ણમૂર્તિ



# શેરે ગુલશન

સંકલન

તુજે ઘાટા ના હોને દેંગે હમ ,કારોબાર-એ-ઉલ્ફત મેં
હમ અપને સર ,તેરા અય દોસ્ત,હર નુકશાન લેતે હૈ
ખુદા તારી કસોટી ની પ્રથા સારી નથી હોતી ,
જે હોય છે સારા એની દશા સારી નથી હોતી !!!!!
પુણ્ય જોવા હોય તો મારા પાપ ની સામે ન જો ,
હોય જ્યોતિ ત્યાં ધુમાડો પણ નીકળતો હોય છે .
સુનો તો અરજ કરે ,મન લો તો ક્યાં કહેના ,
તુમ્હારે પાસ હમ આયે થે ઇક જરૂરત સે.
અબ તેરી જન્નતોકી તમન્ના નહિ મુજ કો ,
વાદા તેરા હસીન થા ,મેરા ઇતબાર તક .
વો આયે બજમમે ઇતનાતો "મીર "ને દેખા ,
ફિર ઉસકે બાદ ચિરાગો મેં રોશની ના રહી .
મહોબ્બત માં અને તહેવારમાં એક જ તફાવત છે ,
તમારું દર્દ હું પૂછું –તમે પૂછો દવા મારી .
મોત વેળાની આ ઐયાશી નથી ગમતી "મરીઝ"
હું પથારી પર રહું ને ઘર આખું જાગ્યા કરે .




## પ્રતિભાવ

"આચમન "નો નવે-૨૦૧૩નો અંક વાંચ્યો. ખૂબ આનંદ થયો. કોટડા સી.આર.સી કો.ઓ. મયુર ભાનુશાલી અને સમગ્ર ટીમને ધન્યવાદ.છેવાડાના ગામમાં પણ ફરજ બજાવતા કર્તવ્યવાન શિક્ષકોમાં ઘણું અદભૂત દટાયેલું પડ્યું છે, જે આવા મેગેજિન થી બહેર આવી શકશે. પ્રવૃત્તિ કોર્નર અને કલરવ વિભાગ લાજવાબ છે.

અશોક બી. જાટીયા
મ.શિ.મમુઆરા પ્રા.શાળા,તા.-ભુજ
અને
જીલ્લા પ્રતિનિધિ ,ભુજ તાલુકા પ્રા. શિ. સંઘ